# બોલિવૂડ સોંગ્સ પર ચાઇનીસ સ્ટુડન્ટ્સનું ડાન્સ પર્ફોર્મન્સ

અમદાવાદ : આંત્રપ્રિન્યોરશિપ ડેવલપમેન્ટ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયા (ઈ.ડી.આઈ.) ખાતે ચાઇનાની વિવિધ યુનિવર્સિટીના ૩૦ સ્ટુડન્ટ્સ ખાસ હિન્દી શીખી રહ્યાં છે. ભારતમાં સારી રીતે બિઝનેસ કરી શકાય સાથે જ અહીંના ગ્રાસરૂટ પર કામ કરતા લોકો સાથે સારી રીતે કમ્યુનિકેશન થઈ શકે તે માટે ખાસ તેઓ હિન્દી ભાષામાં આંત્રપ્રિન્યોરશિપના પાઠ શીખી રહ્યા છે. પોતાના કોર્સ અંતર્ગત ચાઈનીસ સ્ટુડન્ટ્સ દ્વારા હિન્દી અને ચાઈનીસ ભાષામાં કલ્ચરલ પ્રોગ્રામ રજૂ કરાયો હતો. સ્ડન્ટ્સ દ્વારા હિન્દીમાં ડ્રામા, બોલિવૂડ ડાન્સ રજૂ ર્યો હતો. સાથે જ પોતાના દેશના કલ્ચરથી લોકોને જોડવા માટે ખાસ પોતાનું ટ્રેડિશનલ નૃત્ય પણ રજૂ કર્યું હતું.





